ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research e-Journal

# મહાભારતનો સંસ્કૃતનાટ્ય પર પ્રભાવ

- ડૉ. હિતાર્થી જી. અગ્રાવત

અધ્યક્ષ,સંસ્કૃત વિભાગ

ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ – રાજકોટ.

# મહાભારતનો સંસ્કૃતનાટ્ય પર પ્રભાવ

સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્ય' શબ્દ વ્યાપક અર્થમાં વપરાય છે, એ સર્વવિદિત છે, અહીં 'કાવ્ય' શબ્દ એટલે 'કવિકર્મ.' આ કવિકર્મના જુદા જુદા સ્વરૂપો પછીથી સ્પષ્ટ થાય છે. મહાકવિ મહાકાવ્ય,ખંડકાવ્ય, સુભાષિત આદિ 'શ્રવ્યકાવ્યો' અને દૃશ્યકાવ્યમાં દશરૂપકો, ઉપરૂપકો વગેરે અભિનય ક્ષેત્રમાં ખેડાણ કરવાની વિશાળતા માટે મુક્ત હોય છે. વૈદિકયુગ પછી, વૈદિકસાહિત્ય રચના પછી બે આર્ષકાવ્યોનો યુગ ગણાય છે. જેમાં રામાયણ, મહાભારત એ બે આદિકાવ્યો- EPIC રચાયાં છે. આ બન્ને કાવ્યો-મહાકાવ્યો કે આદીકાવ્યો એ નવા કવિઓ માટે જાણે નવી દિશાઓ; કવિકર્મની પ્રેરણાસ્રોત બની ખુલ્લી કરી આપે છે.

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં ઉપરોક્ત બે આદિકાવ્યો કે જે EPIC OF GROWTH; વિકસનશીલ મહાકાવ્યો છે. તેની ઘેરી અસર જોવા મળે છે. પ્રાયઃ કવિઓને પ્રેરણા આપનારા, કથાવસ્તુના આશ્રયરૂપ બનેલા, અને ઉપજીવ્ય બનેલા એવા રામાયણ –મહાભારત બે મહાકાવ્યોએ ઉત્તરકાલીન કવિઓના પથપ્રદર્શક બની રહ્યાં.

અહીં મહાભારતની કથાવસ્તુથી આકર્ષાઈને જે કવિઓએ પોતાની સર્જનકલાનો પ્રારંભ કર્યો એવા સર્જકોની વાંગ્મયનો વિસ્તારથી પરિચય કરવાનો ઉપક્રમ છે. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના મહાકાવ્ય અને વિશેષતઃ નાટ્યસાહિત્ય પર મહાભારતના પ્રભાવને સ્પર્શવાનો અહી પ્રયાસ કર્યો છે.

**नाटकं ख्यात् वृत्तं स्यात्** અર્થાત નાટકનું કથાવસ્તુ પ્રસિદ્ધ હોવું જોઈએ, એવો નાટ્યશાસ્ત્રીઓએ સ્પષ્ટ નિયમ કર્યો છે. ગ્રીક નાટ્યકારો અને શેક્સ્પીયર ની જેમ આપના સંસ્કૃત નાટ્યકારોના નાટક પણ ખ્યાતવૃત્ત હતા. આર્ષકાવ્યોમાંનીં કોઈ હૃદયસ્પર્શી ઘટનાને કેન્દ્રસ્થાને રાખી પોતાની અભિરુચિ અનુસાર કવિઓએ પોતાના આગવી કલાસૂઝથી નાટ્યાનુકૂળ ઘાટ આપી અને તેમાં પોતાનું કલાકૌશલ બતાવવાનો પ્રયાસ કરતા અને વળી સંસ્કૃતમાં કહેવાયું પણ છે કે **-नाटकान्तं कवित्वं ।** એ ઉકતિથી પ્રભાવિત કવિઓ પોતાની સર્જકતાની કસોટીરૂપ એવા નાટ્યકાવ્ય પ્રકાર સ્વરૂપને આકાર આપી પોતાની કવિનિર્મિતની અતિશયતાનો આસ્વાદ પ્રેક્ષકો- ભાવકો- વાચકોને કરાવતા આવા નાટકોનો અત્રે પ્રસ્તુત કરીને મહાભારત કથાબીજને કવિ કલમે કેવો નૂતન અભિગમ આપ્યો છે. એ પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે.

સૌપ્રથમ કવિકુલગુરુ કાલિદાસની સર્વોત્કૃષ્ટ કૃતિ 'અભિજ્ઞાનશાકુન્તલ' ની વાત કરીએ તો આ શ્રેષ્ઠ નાટ્યકૃતિનું સંવિધાનતત્ત્વ મહાભારત કથા પર આધારિત છે. આ નાટકમાં સાત અંક છે. નાયક હસ્તિનાપૂરનો રાજા દુષ્યંત અને રાજર્ષિ વિશ્વામિત્ર અને અપ્સરા

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

અપ્સરા મેનકાની પુત્રી કણ્વ જેના પાલ્યપિતા છે એ શકુંતલા છે, વસ્તુ દુષ્યંત-શકુન્તલાનું પ્રણયનું મહાકવિ કાલીદાસની વિશ્વવિખ્યાત એવી આ કૃતિ અદભુત નાટ્યકૌશલથી મંડિત, સંસ્કૃત સાહિત્યની પરમોત્કૃષ્ટ કૃતિ અને રસ ચવર્ણ- રસાસ્વાદની બાબતે પરમ આનંદ આપનાર બનેલ છે. જર્મન કવિ અને આલોચક ગેટે એ જેને ભાવ વિભોર બની નાચી ઉઠ્યા એવી અદ્દ્ભુત કૃતિનું કથાવસ્તુ કવીએ મહાભારતના શાકુન્તાલોપાખ્યાનમાંથી ઉદ્દ્ધૃત કર્યું છે, જે સર્વવિદિત છે. કાલીદાસની પરિણતપ્રજ્ઞાના ફળ સમી આ કૃતિ માટે કહેવાય છે-

**काव्येषु नाटकं रम्य तत्र रम्या शकुन्तला ।**

**तत्रापि चतुर्थोअङ्कः तत्र श्लोकचतुष्टयं ।।**

આ શાકુન્તલ નાટક મહાકવિ કુલગુરુ કાલિદાસની અમર કૃતિ છે નાટ્યકાર ભાસના કુલ તેર નાટકો ગણપતિશાસ્ત્રીજીએ પ્રકાશિત કર્યા છે. જેમાંથી મહાભારત પર આધારિત છ નાટકો છે; જેમાં મધ્યમવ્યાયોગ, ઊરુભંગ, પંચરાત્ર, દૂતવાક્ય, દૂતઘટોત્કચ, અને કર્ણભારનો સમાવેશ થાય છે. આમાં પંચરાત્ર ત્રિઅંકી સમવકાર પ્રકારનું રૂપક છે. અને બાકીના એકાંકી છે. આ નાટકોમાં-રૂપકોમાં મહાભારતનું વાતાવરણ કવિ ખૂબ સરસ્તાથી ઉભું કરી શક્યા છે. જો કે કવીએ તેમાં મૌલિક પ્રસંગોનું ઉમેરણ પણ કર્યું છે, ક્યાંક પરિવર્તન પણ કરવાનો સંનિષ્ઠ અને ક્રાંતિકારી પ્રયાસ કર્યો છે. જેમ કે પંચરાત્રમનું વૃત્તપરિવર્તન એ ભાસનો ક્રાંતિકારી ફેરફાર તત્કાલીન સમાજમાં પડકારરૂપ પ્રયત્ન ગણી શકાય.

દૂતવાક્ય, દૂતઘટોત્કચ, કર્ણભાર, અને ઉરુભંગ એ ચારે એકાંકી રૂપકો છે. મધ્યમવ્યયોગ પણ વ્યાયોગ પ્રકારનું એકાંકી રૂપક છે. ઉરુભંગમાં કદાચ કુરુક્ષેત્રના રુદ્રનાટકના છેલ્લા અંકનો પડદો નાટ્યકાર ઉઠાવે છે. આ એકાંકીમાં અઢાર અક્ષૌહિણીના અવશેષ રૂપ દુર્યોધનને તેના ભીમે કરેલા ઉરુભંગ પછીની છેલ્લી ક્ષણોમાં ગર્વભેર મૃત્યુને ભેટતો દર્શાવાયો છે. અહીં પાત્રો, પ્રસંગો અને વાતાવરણ જેવા ને તેવા રાખીને પણ દ્રષ્ટિકોણની નવીનતા દાખલ કરીને ભાસ મૌલિક કૃતિનું સર્જન કરી પોતાની નાટ્યકૌશલ કલાનો સહૃદય ભાવકને પરિચય કરાવી સ્પર્શી જાય છે.

ભટ્ટનારાયણની એક માત્ર નાટ્યકૃતિએ સંસ્કૃત સાહિત્યમાં પ્રતિષ્ઠા પામ્યા છે. એ 'વેણીસંહાર' નાટક પણ મહાભારત કથા પર આધારિત છે. કવિ ભટ્ટનારાયણે મહાભારતના એક પ્રસંગથી પ્રભાવિત થઇ તે વિષયને મુખ્ય બનાવી એક ઉત્કૃષ્ટ નાટક રચી આપણી સમક્ષ તેમની અભિવ્યક્તિ થોડા ફેરફારો સાથે સચોટ સંવાદો અને રસભર પ્રસંગોનું નિરૂપણ કરી આપી છે. વેણીસંહારમાં વીરરસપ્રધાન વસ્તુ, મહાભારતના પ્રસંગો અને પાત્રે યથાતથા વાતાવરણ વિકસાવ્યું છે. મહાભારતમાં વર્ણવાયેલા દ્યુત પ્રસંગમાં દ્રૌપદીના થયેલા ઘોર અપમાનનો ઉલ્લેખ છે. ભરી સભામાં દુશાસન દ્રૌપદીના કેશગ્રહણ કરી તેને ઢસડે છે. અને અપમાનિત કરે છે. આ પ્રસંગના અનુસંધાનમાં દ્રૌપદી વૈરતૃપ્તિ ન થાય અને અપમાનનો બદલો ન લેવાય ત્યાં સુધી પોતાના વાળ છુટા જ રાખે છે. આમ, વેણી (વાળ-

ચોટલો-અમ્બોળો) સંહારન કરવા એ આ નાટક નું મૂળ વસ્તુ છે. વીરરસને અંગિરસ બનાવી કવિએ છ અંક નું નાટક છે. અહી શીર્ષક મુજબ નાટ્યનો હેતુ ફક્ત ભીમની ભીષણ પ્રતિજ્ઞાની પૂર્ણાહુતિ પૂરતો જ છે. વિષયવસ્તુ કદાચ બહુ પરિચિત પણ લાગે, છતાં એની રજૂઆતમાં ખૂબ જ ઊર્જસ્વીતા છે.

આચાર્ય રાજશેખરનું બાલભારત કે જેને પ્રચંડપાંડવથી પણ પ્રસિદ્ધ છે. આદિ કાવ્ય મહાભારતની વાતને નાટ્યદેહ આપવાનો અહી પ્રયાસ કરાયો છે. વત્સરાજનું કિરાતાર્જુનીય વ્યાયોગ એ વત્સરાજે લખેલા છ નાટકોમાનું- રૂપકોમાંનું એક છે. ભાસ પછી કદાચ એકલા વત્સરાજનું જ નકામ એવું છે કે જેને લખેલી આટલી બધી કૃતિએ પ્રકાશિત થઈ હોય. જુદાં-જુદાં રૂપક પ્રકારોમાં ખેડાણ એ તેમની વિશેષતા પણ ભાસ જેવી છે.

કિરાતાર્જુનીય વ્યાયોગ એક અંકનું ભારવિની એ નામના મહાકાવ્યના મુખ્ય વસ્તુને નિરૂપે છે. જે મહાભારત આધારિત છે. અર્જુન નું તપ્ અને શિવ સાથેનો મુકાબલો અને અંતે શિવના કૃપાપ્રસાદથી મહાસ્ત્રની સિદ્ધિ અહી નિરૂપાયેલ છે.તેમનું દ્વિતીય રૂપક રુક્મિણીહરણ ચતુરંકી ઈહામૃગ છે. જેમાં શ્રીકૃષ્ણ વડે થતું રુક્મિણીહરણ અને રુક્મિ તથા શિશુપાલનો શ્રીકૃષ્ણના હાથે થયેલો પરાભવ એ વર્ણ્યવસ્તુ છે.

ગુજરાતમાં રચાયેલ વૃષભાનુજા નાટિકા જેના નાટ્યકાર કાયસ્થકૂળના શ્રીમથુરાદાસની ચતુરંકી નાટિકા છે. મથુરાદાસ કવિ ગંગા-યમુનાની વચ્ચેના પ્રદેશમાં આવેલા સુવર્ણશેખર નગરના હતા. તેમનો સમય પંદરમી સદીનો મનાય છે. જેમને વૃષભાનુની દિકરી રાધા અને શ્રીકૃષ્ણની પ્રણયલીલાનું અત્યંત સુચારુ રૂપે નિરૂપણ કરતા કવિએ પુનઃ સિદ્ધ કરી આપે છે કે રસસિદ્ધ કવિ કવિશ્વર પોતાની ધ્યેયસિદ્ધિ માટે વસ્તુના નાવીન્યની વાત જોઈ બેસી રહેતા નથી. સૃજન જૂનાં વસ્તુને પણ નૂતનતાનો ઓપ આપવા સમર્થ હોય છે. આવી કવિતાકલા વિદગ્ધ રસિકોને પરમ આનંદ આપે છે.

આ કૃતિનો આસ્વાદ માત્ર રસિકજનો કે વિદગ્ધજનો માટે જ નથી પણ ભક્તિપૂર્ણ ચિત્તવાળા હોવાથી તેમની પ્રાર્થના એ જ છે કે ક્યારે વૃંદારણ્યમાં નવઘણ સમાન નંદપુત્રને ગોપીઓથી વીંટળાયેલ જોઈને પ્રેમોદ્રેકથી સ્થગિત ગતિવાળા કંપયુક્ત એવા એમ કૃતકૃત્ય થઈએ! આમ આ કૃતિને માણનાર ભક્ત પણ હોઈ શકે, તો કૃતિની સફળતા અહીં નિર્વિવાદ સિદ્ધ થાય છે. આવી પ્રીતિને કારણની અપેક્ષા નથી હોતી. નૈસર્ગીકી પ્રીતિ કારણની અપેક્ષ રાખતી નથી. અહી રાધાની અને કૃષ્ણ ની એકબીજાને માટે નિર્વ્યાજ સ્નેહ મુખ્ય વિષય છે.

મહાભારત કથાવસ્તુ પર આધારિત એવા છ અંકના તપતીસંવરણ અને કેરળના રાજકુમાર કુલશેખર (ઈ.સ. ૧૦થી ઈ.સ. ૧૨મિ સદી પૂર્વાર્ધ) ની સુભદ્રાધનંજયનો ઉલ્લેખ અત્રે નોંધનીય છે. પ્રદ્યુમ્નભ્યુદય પાંચ અંકી નાટક છે. ત્યારબાદ હસ્તીમલ્લ નામના કવિએ

કૂલ પાંચ કૃતિઓ રચેલી ગણાય છે. જેમાં સુભદ્રાનાટિકા, અર્જુનરાજનાટક, વગેરેનો શ્રીકૃષ્ણમાચારીઅરે પણ ઉલ્લેખ કર્યો છે.

કૃષ્ણકથા પર આધારિત કૃતિઓમાં કૃષ્ણભક્તિચંદ્રિકા આંશિક રીતે મહાભારત કથાને અવલંબે છે. જે આપ્દેવપુત્ર અનંત્પુત્રનું છે.

શેષ નૃસિમ્હાના પુત્ર શેષ ચિંતામણીનું રુક્મિણીહરણ (ઈ.સ. ૧૬૭૫માં) મહાભારત કથાના આધારે લખાયેલ છે.

આચાર્ય રૂપગોસ્વામીનું વિદગ્ધમાધવ, લાલીત્માંધાવ, ધનકૈલીકૌમુદીમાં કૃષ્ણલીલાનું નાટ્યીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે.

કંસવધમ સપ્તાંકી નાટક કૃષ્ણકથા પર અને આંશિક રીતે મહાભારતના કથાવસ્તુને રજુ કરતી પંડિત કવિ રચિત નાટક છે.

શ્રી રામવર્યવંચિ યુવરાજની કૃતિ રુક્મિણીપરિચય (જે ઈ.સ. ૧૭૮૭માં યુવાવયે અવસાન પામેલા) છે. આ કૃતિમાં પાંચમાં અંકમાં રુક્મિણી અને કૃષ્ણ લગ્નનું વસ્તુ ગૂંથાયું છે. અહી કવિએ શ્રીકૃષ્ણ ને વાસુભદ્ર કહ્યા છે.

ઉપરોક્ત નાટ્યકૃતિઓમાં મહાભારતની કવીમાનસ પર થયેલી અને તેથી જ સાહિત્યમાં સ્પષ્ટ જણાતી આર્ષકાવ્ય, મહાકાવ્ય મહાભારતની અસર જોવા મળે છે. તદુપરાંત કવિતા કામિનીના પાંચ પ્રાણ સમા પાંચ મહાકાવ્યોમાં કવિ કાલીદાસના બે મહાકાવ્યો રઘુવંશ અને કુમારસંભવ ને બાદ કરી પછીના પાષાણત્રયી તરીકે પ્રસિદ્ધ એવા શિશુપાલવધ અને નૈષધચરિતમના કથાબીજ પણ કિરાતાર્જુનીયમ મહાભારતમાંથી ઉદ્ઘૃત કરીને કવિએ પોતાના કવિકૌશલ્યની અભિવ્યક્તિ આપી છે. વનપર્વ, સભાપર્વ અને વનપર્વના નાલોપખ્યાનના અધ્યાય ૨૭મથિ પ્રેરણાસ્રોત મેળવી છે. અને જે શ્રેષ્ઠ મહાકાવ્યોમાં સ્થાન પામ્યા છે. 'તેવા ઉપરોક્ત મહાકાવ્યોના મહાકવિ ભારવિ, મહાકવિ માઘ અને મહાકવિ શ્રીહર્ષ આપણા ભવ્ય વારસામાં મહાભારતના ઋણી બની પોતાની પ્રતિભાશક્તિને સુંદર અભિવ્યક્તિ આપી શક્ય છે. પ્રેરણાસ્રોત સમા મહાભારત કાવ્યના પથદર્શક સર્જક શ્રીવેદ વ્યાસ ખરેખર 'કવિવેધા' છે. કે જેમને પછીના કવિઓ માટે જ્ઞાનદીપ પ્રગટાવ્યો છે. માટે જ ઉપરોક્ત વિષયને વિરામ આપતા પહેલા તેમને નમસ્કાર કરી શબ્દાંજલિ અર્પવી અર્હનીય છે.

**नमोऽस्तुते व्यास विशालबुद्धे फ़ुल्लारविन्दा यतपत्रनेत्र ।**

**येन त्वया भारत तैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ।**

..........................................................................................

**સંદર્ભ ગ્રંથો –**


૧.સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ – સં.પંડિતબલદેવ ઉપાધ્યાય

૨.મહાભારત –BOI ,POONA થી પ્રકાશિત આવૃત્તિ

૩.મહાભારત –સં .વિદ્યાસાગર પિ .પિ.અને સુબ્રમન્યમ સ્વામી

૪.A HISTORY OF SANSKRIT LITERATURE - KUNHAN RAJA

૫. ભાસનાટકચક્ર –સં.ટી.ગણપતિ શાસ્ત્રી

**६.संस्कृत साहित्य का इतिहास – सं.वाचस्पति गैरोला**

**७.रूपकशतक –गा.ओ.सी.,प्रकाशन,बरोडा**

**૮.SURVEY OF SANSKRIT LITERATURE - CHAITANYA**

૯.નાટકલક્ષણરત્નકોશ-સાગરનંદી


..............................................................................................

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal